Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

॥ શ્રી ગણેશાય નમઃ ॥

MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)

॥ શ્રી ઉમિયાય નમઃ ॥

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

* સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ * સંચાલન : શ્રી કચ્છી કડવા પાટીદાર યુવા મંડળ (મુંબઈ) * મુખપત્ર સમિતિ * તંત્રી : શ્રી છગનભાઈ નાનજી રામજીયાણી *

September 2025 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૬ ● અંક ૨૮૫ ❒ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❒ Posting No. MNE / 258 / 2022-24 ● તા. ૧૫/૦૨/૨૦૨૬ ● પાના - ૪

## તંત્રી સ્થાનેથી...

**ૐ નમઃ શિવાય**

ભારતીય સંસ્કૃતિમાં મહાશિવરાત્રી એ માત્ર પરંપરાગત તહેવાર નથી, પરંતુ આધ્યાત્મિક ઉર્જાના અનુભવનો પર્વ છે. વિક્રમ સંવત મહા વદ તેરસના દિવસે ઉજવાતી આ રાત્રી, અંધકારથી પ્રકાશ તરફ જવાની ગતિનું પ્રતીક છે. મહાશિવરાત્રીના શાબ્દિક અર્થ થાય છે 'શિવની મહાન રાત્રિ', આ દિવસે શિવ અને શક્તિના મિલનનો ઉત્સવ ઉજવાય છે. તેની પાછળ અનેક પૌરાણિક અને આધ્યાત્મિક કારણો રહેલા છે.

જેમ કે માનવામાં આવે છે કે આ દિવસે ભગવાન શિવ અને માતા પાર્વતીના વિવાહ થયા હતા. જે પ્રકૃતિ અને પુરૂષના મિલનનું પ્રતીક છે. લિંગપુરાણ મુજબ આ દિવસે મહાદેવ પ્રથમવાર જ્યોતિર્લિંગ સ્વરૂપે પ્રગટ થયા હતા. ખગોળીય દ્રષ્ટિએ પણ આ રાત્રિએ પૃથ્વીનો ઉત્તરી ગોળાર્ધ એવી સ્થિતિમાં હોય છે કે મનુષ્યની અંદરની ઉર્જા કુદરતી રીતે ઉપરની તરફ ગતિ કરે છે. આજના આધુનિક સમયમાં શિવની આરાધનાના મૂલ્યો આપણી જ્ઞાતિ માટે અતિ આવશ્યક છે જેવાં કે....

સંયમ અને શિસ્ત : મહાશિવરાત્રીના ઉપવાસ આપણને ઈન્દ્રિયો પર કાબૂ રાખતા શીખવે છે. આજના ભૌતિકવાદી યુગમાં મન પર સંયમ રાખવો ખૂબ જરૂરી છે.

અનુસંધાન પાના નં. ૩ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ [મુંબઈ]




### મહાનગરી મુંબઈના આંગણે ઉજવાયો ૬૭મો સમૂહ લગ્ન મહોત્સવ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ નિયુક્ત "સમૂહ લગ્ન સમિતિ" દ્વારા વિક્રમ સવંત ૨૦૮૨ના મહાસુદ પાંચમ એટલે કે વસંત પંચમીના શુભ અવસર પર ૬૭મા સમૂહ લગ્નનું આયોજન પાટીદાર ભવન ડોંબીવલી ખાતે ખૂબજ ઉમંગ અને ઉત્સાહ પૂર્વક યોજવામાં આવ્યું હતું.

વહેલી સવારના જ્ઞાતિજનો અને લગ્નમાં ભાગ લેનાર ભાગ્યશાળીઓનું આગમન શરૂ થઈ ગયેલ હતું. ૭.૧૫ કલાકે ગણેશ સ્થાપના, ૭.૩૦ કલાકે કન્યાઓના માંડવા, ૧૦.૩૦ કલાકથી ભોજન સમારંભ, ૧૨.૪૫ કલાકે હસ્ત મેળાપ અને ૩.૩૦ કલાકે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

જ્ઞાતિ ટ્રસ્ટ ફંડના ચેરમેન, સર્વે અધિકારીઓ તથા તમામ ટ્રસ્ટીઓના માર્ગદર્શન સાથે સમુહ લગ્ન સમિતિ, યુવક મંડળ, મુંબઈ મહિલા મંડળ મુંબઈ, સ્થાનિક ડોંબીવલી સમાજ, યુવક મંડળ તેમજ મહિલા મંડળ અને વિવિધ સમિતિઓ અને ઉત્સાહિ કાર્યકર્તાઓએ લગ્ન ઉત્સવમાં, સુશોભીકરણ અને સમનવય દ્વારા સુંદર છાપ છોડી હતી જેનો આનંદ ભાગ લેનાર વર-કન્યાના આઠે પક્ષમાં સ્પષ્ટ ઉજાગર થયો હતો.

સોનામાં સુગંધ ભળે તેમ દાતાઓ દ્વારા અપાયેલ દાનની ધારાઓ વહેવળાવિને ભાગલેનાર ચારે જોડલાને આર્શિવાદ આપ્યા હતા. દાનની રકમનું કન્યાદાન દરેક કન્યાને સરખે ભાગે આગામી સમયમાં જાણકારી કરીને આપી દેવામાં આવશે.

ચેરમેન શ્રી કાંતિભાઈ સેંઘાણીએ આપણા સર્વે વતીથી આર્શિવાદમાં જનસંખ્યા વધારવા પર ભાર આપી, વધારેમાં વધારે સંખ્યામાં દીકરા-દીકરી ભાગ લે તેવું ઉત્સાહ પૂર્વકનું વાતાવરણ ઉભું કરવાની ભણામણ કરેલ હતી.

આભાર વિધિ શ્રી પ્રકાશભાઈ માવાણીએ કરી હતી અને મહિલા મંડળ, યુવક મંડળ,

અનુસંધાન પાના નં. ૨ પર...

**સમર્થ વ્યક્તિ પ્રતિકુળતાને અનુકુળતામાં પલટાવી શકે છે.**

## શ્રી ઘાટકોપર કચ્છી કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ)

### ✻ આયુર્વેદ ચિકિત્સા તથા આઈ કેમ્પ ✻

**શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ) આયોજીત**

**શ્રી ઘાટકોપર યુવા મંડળ અને મહિલા મંડળ અને રેડ સ્વસ્તિક સોસાયટી સહયોગી**

આપણી સમાજ દ્વારા તા. ૨૭/૨૮/૨૯ માર્ચ ૨૦૨૬ના શુક્રવાર /શનિવાર/રવિવાર એમ ત્રણ દિવસ આયુર્વેદ ચિકિત્સા કેમ્પ પાટીદાર વાડી ઘાટકોપર ખાતે ડૉ. મુલજી એલ. ભાલાણી નાડી વૈદ, પ્રાકૃતિક ચિકિત્સા, આયુર્વેદ અને કાયરો પેકટીસ મસાજના નિષ્ણાંતના નેજા હેઠળ આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનો સમય : સવારે ૯.૦૦ થી ૧.૦૦ કલાક અને બપોરના ૨.૦૦ થી રાત્રે ૮.૦૦ કલાક સુધી રહેશે.

મંગળ આરોગ્ય સાધના એ જીવનનું પ્રથમ સુખ છે. સ્વસ્થ રહેવા માટે નેચરોપેથી, યોગ અને વનોષધી માર્ગદર્શન અને સારવાર, ઘૂંટણનો દુઃખાવો, ગરદન અને ખભાનો દુઃખાવો, સાયટીકા, ન્યુરલજીયા, લકવો, સ્નાયુઓમા દુઃખાવો, આધાશીશી, શરદી અને ખાંચી, અસ્થમા, કફ, સોજો, અલ્સર, તાવ, ફલુ, થાઈરોડ, પથરી, ગેસ, એસીડીટી, ડાયાબીટીસ, કબજીયાત, એપેન્ડીસાઈટીસ, પાઈલ્સ, બ્લડ પ્રેસર, પેટનું ફુલવું, અનિદ્રા, સોરાયસીસ, સહિત ત્વચાના રોગની સારવાર કરવામાં આવશે.

તા. ૨૯-૦૩-૨૦૨૬ રવિવારના સવારના ૯.૦૦ થી ૧.૦૦ શાંતીલાલ સંઘવી આઈ ઈન્સ્ટીટ્યુટના નેજા હેઠલ આઈ ચેક-અપ કેમ્પ, જેને કેટરેકટ હશે તેમને ઈન્સ્ટીટ્યુટ તરફથી ફ્રી ઓપરેશન કરાવી દેવામાં આવશે.

**કેમ્પમા ભાગ લેવા નીચેના સભ્યો પાસે નામ નોંધાવવા**

૧) મહેન્દ્રભાઈ સેંઘાણી ૯૩૨૨૨૩૩૫૨૭
૨) રૂપેશભાઈ સાંખલા ૯૮૧૯૭૮૫૯૫૫
૩) તરૂણાબેન રામજીયાણી ૯૮૬૭૨૩૪૬૯૫
૪) જ્યોતિબેન પારસીયા ૯૯૬૭૪૬૮૧૧૬
૫) દર્શનાબેન રામજીયાણી ૯૯૮૭૧૯૩૩૫૮
૬) મીતેષભાઈ સેંઘાણી ૯૯૮૭૭૮૯૪૭૫

ઉપર જણાવેલ કેમ્પ નિઃશુલ્ક છે તો સૌને આનો લાભ લેવા વિનંતી. નોંધ, જેને પર દવામાં ફાકી અને તે લ માલિશની બોટલ આપવામાં આવશે તેની કિંમત રૂા. ૧૫૦/- હશે અને એલોવીરા મલમના બોટલના રૂા. ૧૨૦/- હશે, જે લેવી ફરજીયાત નથી. ઉપરોકત કેમ્પ દરેક જ્ઞાતી માટે ખુલ્લો છે.

### ★ હોળી મહોત્સવ ★

**શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સમાજ મુંબઈ આયોજીત**

આપણી સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ હોળી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પાટીદાર વાડી પાર્કીંગ ગ્રાઉન્ડમા તા. ૦૨-૦૩-૨૦૨૬ સોમવાર સાંજે ૬.૩૦ કલાકે હોલિકા દહન થશે. શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ)ના સભ્યોને ભાવભર્યું આમંત્રણ છે.

**મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.**

**પ્રમુખ : શ્રી પ્રફુલભાઈ નાકરાણી - મહામંત્રી શ્રી રૂપેશભાઈ સાંખલા**

શ્રી ક.ક.પા. જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ.... પાના નં. ૧થી ચાલું...

વગેરેના આર્શિવાદથી કાર્યક્રમ સંપન્ન થયો હતો.

### ૨૬મી જાન્યુઆરીની ઉજવણી

ભારત રાષ્ટ્રના સ્વતંત્રતાના પ્રતિક એવા પ્રજાસ્તાક દિવસની ઉજવણી શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા યોજાતા કાર્યક્રમમાં ત્રણેય વાડી ઘાટકોપર વાડી, બોરીવલી વાડી તેમજ ડોંબિવલી ભવન ખાતે ટ્રસ્ટ ફંડના અધિકારીઓ અને ટ્રસ્ટીઓ, મુંબઈ યુવક મંડળ અને સ્થાનિક યુવક મંડળ, મહિલા મંડળ મુંબઈ તથા સ્થાનીક મહિલા મંડળ તેમજ ત્રણેય જગ્યાની સ્થાનિક વ્યવસ્થા સમિતિ તેમજ જ્ઞાતિજનોની વિશાળ હાજરીમાં ધ્વજારોહણ દ્વારા સલામી આપવામાં આવી હતી. રાષ્ટ્રગીત સાથે શુભેચ્છા સંદેશાઓની આપલે કરવામાં આવી હતી. આવતીકાલના ભારત એવા યુવાનો યુવતિઓ અને નાના બાળકોએ પણ સ્વતંત્રના પર્વને જોસ અને જુસા પૂર્વક ભાગ લઈને શોભા વધારી હતી.

અંતમાં આભાર સાથે અલ્પાહાર સાથે પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

**લી. ચેરમેન : કાંતિલાલ નારાયણ સેંઘાણી**
**મેનેજીંગ ટ્રસ્ટી : પ્રકાશભાઈ હરજી માવાણી**







## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈ આયોજીત
## વિશ્વ મહિલા દિવસ

દર વર્ષની જેમ આ વર્ષે પણ મહિલા મંડળ મુંબઈ વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવા જઈ રહ્યું છે.

**તારીખ : ૨૮-૦૩-૨૦૨૬, શનિવાર,**
**સમય : બપોરે ૨.૩૦ કલાકે**
**સ્થળ : પાટીદાર ભવન ડોંબીવલી**

નોંધ : ગરબા ડેકોરેશન સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સન્માનિત કરવામાં આવશે.

**શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા...** પાના નં. ૪થી ચાલું...

કડવા પાટીદાર કેન્દ્રીય મહિલા સંઘના પ્રમુખ શ્રીમતી રમીલાબેન ખેતશી રવાણી અમે મહામંત્રી શ્રીમતી કમળાબેન શંકરભાઈ હળપાણી.

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળના પ્રમુખ શ્રી વિનયભાઈ જેઠાલાલ છાભૈયા ત્યારબાદ મહિલા મંડળ મુંબઈના મહામંત્રી શ્રીમતી પુનમબેન નરેન્દ્ર રામજીયાણી દ્વારા શાબ્દિક સ્વાગત પ્રવચન કરી કાર્યક્રમને આગળ વધારવામાં આવ્યો. ત્યારબાદ સર્વે ભૂતપૂર્વ કાર્યકર્તાઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા.

ત્યારબાદ ટ્રસ્ટ ફંડ મુંબઈના ચેરમેન શ્રી કાંતિભાઈ સેંઘાણી, કેન્દ્રીય મહિલા સંઘનાં પ્રમુખ શ્રીમતી રમીલાબેન રવાણી, યુવા મંડળ મુંબઈના પ્રમુખ વિનયભાઈ છાભૈયા દ્વારા મંતવ્યોની રજુઆત કરવામાં આવી હતી. ત્યારબાદ મહિલા મંડળ મુંબઈના પ્રમુખ શ્રીમતી વર્ષાબેન દિવાણી દ્વારા ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ સહમંત્રી શ્રીમતી લીનાબેન પોકાર દ્વારા આભાર વિધિ કરી કાર્યક્રમના પ્રથમ ચરણને પૂર્ણ કરવામાં આવ્યો. મહોત્સવના બીજા ચરણમાં લોકગાયક શ્રીમતી દમયંતીબેન બરડાઈ, નાથુદાન ગઢવી અને નિર્મળસિંહ ઝાલા સહિત સાથી કલાકારો દ્વારા લોકડાયરાની રમઝટ બોલાવવામાં આવી. કાર્યક્રમના અંતમાં રાષ્ટ્ર ગીત ગાઈને રાત્રી ભોજન લઈ સૌ છૂટા પડયા.

**લી. મહિલા મંડળ મુંબઈ વતી**
**પ્રમુખ : શ્રીમતી વર્ષાબેન નરેશ દિવાણી**
**મહામંત્રી : શ્રીમતી પુનમબેન નરેન્દ્ર રામજીયાણી**





## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત
## શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત
## સહયોગી – શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ–ઘાટકોપર
## શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ – મુલુંડ

OJAS

**સતત દૈનિક માથાનો દુ:ખાવો**
**(દવા વગર કુદરતી ઉપચાર)**


- સામન્ય રીતે ઘણા લોકોને વારે ઘડીયે માથાનો દુખાવો થતો હોય છે.એક મહિનામાં આશરે ૧૫ દિવસ સુધી આ દુખાવો રહેતો હોય છે.
- આ દુખાવો સતત રહેતો હોય છે સાથે ખુબ જ પીડાદાયક હોય છે.
- આ દુખાવાને કારણે દર્દીની માનસિક તેમજ ભાવનાત્મક સ્થિતિ પર અસર પડે છે. મહિલાઓમાં આની અસર વધારે થાય છે.
- માથાના દુખાવાનું મુખ્ય કારણ કબજિયાત પણ છે. પેટ સાફ ન રહેવાથી ગેસ થાય છે અને તે ગેસ જ્યારે માથામાં ચડે ત્યારે અતિશય માથાનો દુખાવો થાય છે




હાથ ના અંગૂઠા માં બ્લૂ કલર કરી ત્રણ મગ લગાડી અને બ્લુ કલર થી (+39-35) હાથ ની હથેળી માં કરો. (ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)




હાથ ના અંગૂઠા માં વટાણા લગાડો. (ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)



આની સાથે વન પોઇન્ટ થેરપી ના પોઇંટ લગાડવાથી જલ્દી ફાયદો થાય છે તેથી ચિત્ર માં બતાડેલા પોઇંટ ને એક્ટિવ કરીબંને હાથ ની આંગળી માં મેથી ના દાણા લગાડો. (G20, LIV 3)

**વિશેષ** :
દરરોજ માથા ના ભાગ પર મન કેન્દ્રિત કરી એના બધા કોષ કોષિકા અને નાભિક માં પ્રાણ ની પોઝિટિવ ઊર્જા આપી સકાય છે

સંપર્ક : વર્ષા દિવાણી – 9870256773 શ્રુતિ સેંધાણી – 9137868465
Email id · ojjastherapy11@gmail.com

**તંત્રી સ્થાને થી.....** પાના નં. ૧થી ચાલું...

સમાનતાનો ભાવ : શિવજી દેવોના દેવ છે, છતાં તેઓ સ્મશાનમાં રહે છે અને અસ્પૃશ્ય ગણાતા જીવોને પણ અપનાવે છે. આ આપણને જ્ઞાતિ-જાતિના ભેદભાવ ભૂલીને સૌને સમાન ગણવાનો સંદેશ આપે છે.

વિષપાનની ક્ષમતા : જેમ શિવજીએ જગતના કલ્યાણ માટે 'હળાહળ' ઝેર પીધું હતું, તેમ આપણે પણ સમાજની બુરાઈઓ કે કડવાશને પચાવીને શાંતિ ફેલાવવાનું શીખવું જોઈએ.

આવો આપણે રાત્રિ દરમિયાન જાગરણ કરીને મંત્ર જાપ (ૐ નમઃ શિવાય) કરવાથી માનસિક શાંતિ મેળવીએ તેમજ શિવલિંગ પર જળ કે દૂધનો અભિષેક એ કરીને આપણી આંતરિક શુદ્ધિ કરીએ. સાચા અર્થમાં શિવની પૂજા એ જ છે કે આપણે કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિની મદદ કરીએ. આમ મહાશિવરાત્રી આપણને યાદ અપાવે છે કે આપણા દરેકની અંદર એક 'શિવ' તત્વ છુપાયેલું છે.

૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ આપણે માત્ર મંદિરોમાં દીવા ન પ્રગટાવીએ, પરંતુ આપણા હૃદયમાં જ્ઞાનનો દીવો પ્રગટાવીએ અને આપણી જ્ઞાતિમા કરૂણા તથા સદ્‌ભાવના ફેલાવીએ એજ અભિલાષા સહ... હર હર મહાદેવ.

**છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી, તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી, સહતંત્રી**
**કુસુમબેન જયભાઈ રામજીયાણી સહતંત્રી**

ઉત્તમ પુસ્તકો માનવીના જીવનનું શ્રેષ્ઠ ઘડતર કરે છે.

## શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબીવલી

### જાહેર સભા

શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબીવલી વર્ષ ૦૧-૦૪-૨૦૨૬ થી ૩૧-૦૩-૨૦૨૯ સુધીના કાર્યકાળ માટે નવી કારોબારીની રચના કરવા બાબત.

શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબીવલીની વર્તમાન કારોભારીની મુદ્દત પુરી થતી હોય નવી કોરોબારીની રચના કરવા માટે જાહેર સભાનું આયોજન કરવામાં આવેલ છે, ડોંબીવલી સમાજના આજીવન સભ્યોને જાહેર સભામાં હાજર રહેવા નમ્ર વિનંતી.

**-: જાહેર સભા :-**

**તા. ૦૭-૦૩-૨૦૨૬ ને શનિવાર**

**સમય : રાત્રે ૮:૩૦ કલાકે**

**સ્થળ : પાટીદાર ભવન, ડોંબીવલી**

**લી. કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબીવલી**

**પ્રમુખ : શ્રી કમલેશ મણીલાલ લિંબાણી**

**મહામંત્રી શ્રી અંબાલાલ રામજી લિંબાણી**

**વતીથી સહી : જીજ્ઞેશ રતીલાલ ઉકાણી (સહમંત્રી)**

## શ્રી કચ્છી કડવા પાટીદાર મહીલા મંડળ-ડોંબીવલી

### જાહેર સભા

શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ડોંબીવલી વર્ષ ૦૧-૦૪-૨૦૨૬ થી ૩૧-૦૩-૨૦૨૮ સુધીના કાર્યકાળ માટે નવી કારોબારીની રચના કરવા બાબત.

શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ડોંબીવલીની વર્તમાન કારોભારીની મુદ્દત પુરી થતી હોય નવી કારોબારીની રચના કરવા માટે જાહેર સભાનું આયોજન કરવામાં આવેલ છે, ડોંબીવલી સમાજની મહિલા આજીવન સભ્યો જેમની ઉંમર ૧૮ વર્ષથી ઉપર હોય તેમને જાહેર સભામાં હાજર રહેવા વિનંતી.

**-: જાહેર સભા :-**

**તા. ૦૮-૦૩-૨૦૨૬ને રવિવાર**

**સમય : સાંજે ૪.૩૦ કલાકે**

**સ્થળ : પાટીદાર ભવન-ડોંબીવલી**

**લી. શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ - ડોંબીવલી**

**ચુંટણી પંચ**

**વતીથી સહી : જીજ્ઞેશ રતીલાલ ઉકાણી**

## શ્રી પાટીદાર યુવક મંડળ - બોરીવલી

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે શ્રી પાટીદાર યુવક મંડળ (બોરીવલી) આગામી કાર્યકાળ માટે નવી કારોબારીની રચના કરવા જઈ રહ્યું છે. માટે જેમની ઉંમર ૧૮ થી ૪૫ હોય તે ઈચ્છુક સનાતન યુવા વર્ગ પોતાના નામો તા. ૨૮-૦૨-૨૦૨૬ થી પહેલા નીચે લખાવેલા વ્યક્તિને નોંધ કરાવી નાખે. નામ ચકાસીને તેમની નામાવલી રજૂ કરવામાં આવશે અને આગામી ૧૫-૦૩-૨૦૨૬ના બપોરે ૩.૦૦ વાગે પાટીદાર વાડી બોરીવલી મધ્યે સયુક્ત બેઠક રાખવામાં આવી છે. તો જેમને નામ લખાવ્યા હસે એમણે તા. ૧૫-૦૩-૨૦૨૬ના હાજર રહેવું આવશ્યક છે.

નામ લખવા માટે :-

**આઈપીપી : દિનેશ શીવજી રામજીયાણી - ૯૮૨૦૦૫૫૩૮૩**

**મંત્રી : રૂમિત જયંતિલાલ હળપાણી - ૭૯૭૭૭૫૧૪૨૪**

**લી. શ્રી પાટીદાર યુવક મંડળ બોરીવલી**

**પ્રમુખ શ્રી પરેશ રામાણી - મંત્રી શ્રી રૂમીત હડપાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈનો રજતજયંતિ મહોત્સવ

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈનો રજતજયંતિ મહોત્સવ તારીખ ૧૧-૦૧-૨૦૨૬ના દિવસે શ્રીમતી ઝવેરબેન પોપટલાલ સભાગૃહ ખાતે યોજવામાં આવેલ હતો. કાર્યક્રમની શરૂઆત એંકર કુસુમબેન રામજીયાણી અને દેવાંગી સેંઘાણી દ્વારા તત્વમસી ગ્રુપની બહેનોને ઓપનીંગ સેરેમની માટે આમંત્રિત કરવામાં આવી.

૧) શ્રીમતી વર્ષાબેન નરેશ દિવાણી
૨) શ્રીમતી પુનમ નરેન્દ્ર રામજીયાણી
૩) શ્રીમતી હેમિકાબેન વિરેન્દ્ર પોકાર
૪) શ્રીમતી વનિતાબેન અરજણ છાભૈયા
૫) શ્રીમતી હેમલતાબેન રવિલાલ પારસીયા
૬) શ્રીમતી રશીલાબેન ગોવિંદ વાસાણી
૭) શ્રીમતી રશ્મિબેન મનીષ ચૌહાણ
૮) શ્રીમતી રંજનબેન દિનેશ પોકાર
૯) શ્રીમતી શીલાબેન પ્રફુલ નાકરાણી
૧૦) શ્રીમતી જયાબેન રજનીકાંત પ્રેમજીયાણી
૧૧) શ્રીમતી હંસાબેન કિર્તી દિવાણી

દાતાશ્રી દ્વારા રીબીન કાપી મહોત્સવની ઓપનિંગ સેરેમની કરવામાં આવી, ત્યારબાદ દીપ પ્રાગટ્યના દાતા શ્રી કચ્છી કડત્તા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈના ચેરમેન શ્રી કાંતિલાલ નારણ સેંઘાણી, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ હરજી માવાણી અને સર્વે ટ્રસ્ટીશ્રીઓ દ્વારા કુળદેવી માં ઉમિયા અને ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ મહિલા મંડળ મુંબઈની વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૬ની કારોબારીની બહેનોએ સ્વાગત ગીત દ્વારા સર્વેનું સ્વાગત કરવામાં આવ્યું.

ત્યારબાદ મંચ પર સ્થાન ગ્રહણ કરાવવામાં આવ્યાં, સૌ પ્રથમ દીપ પ્રાગટ્યના દાતા શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ, ત્યારબાદ ઓપનિંગ સેરેમનીના દાતા તત્વમસી ગ્રુપ, ત્યારબાદ ચાય કોફીના દાતા શ્રી માતુશ્રી કુંવરબેન શિવગણ જેઠા પોકાર પરિવાર અને માતુશ્રી હીરાબેન ગોપાલ લાલજી સેંઘાણી પરિવાર, ત્યારબાદ ટિકિટ એડના દાતા શ્રી જવાહર કાનજી દિવાણી પરિવાર હસ્તે શ્રી યજ્ઞેશ જવાહર દિવાણી, શ્રી સંકેત જવાહર દિવાણી, અને મહાવીર જ્વેલર્સ ઘાટકોપર. ત્યારબાદ ભોજનના મુખ્ય દાતા શ્રીમતી ચંપાબેન નરસિંહ ભાવાણી. ભોજનના સહયોગી દાતા શ્રીમતી કસ્તુરબેન શાંતિલાલ ભગત અને સિયા ક્લીયરીંગ એન્ડ ફોર્વડિંગ પ્રાઈવેટ લીમીટેડ હસ્તે શ્રીમતી હેમલતા નિતેશ વાસાણી, શ્રીમતી જયશ્રીબેન મેહુલ વાસાણી. ત્યારબાદ પાણીના દાતા શ્રી કોર્ન આર્ટ એન્ટરપ્રાઈઝીસ હસ્તે શ્રીમતી ભાવનાબેન સુરેશ ભોજાણી અને શ્રીમતી પ્રભાબેન ઈશ્વર માવાણી. ત્યારબાદ વિડિયોગ્રાફીનાં દાતા શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સમાજ મુંબઈ. ત્યારબાદ ફોટોગ્રાફીનાં દાતા શ્રી આર. આર. ચોપડા ગ્રુપ હસ્તે શ્રીમતી નેહાબેન રમેશ ચોપડા અને શ્રીમતી જુલીબેન રાજેશ ચોપડા. ત્યારબાદ સાઉન્ડ અને સ્ક્રીનના દાતા શ્રી માતુશ્રી રમાબેન કાનજી પોકાર હસ્તે શ્રી છગન કાનજી પોકાર સાથે આમંત્રિત મહેમાન શ્રી અખિલ ભારતીય કચ્છ

અનુસંધાન પાના નં. ૩ પર...